**સીધી ભરતીમાં દિવ્યાંગ ઉમેદવારો દ્વારા રજૂ કરવામાં આવતા દિવ્યાંગતા અંગેના પ્રમાણપત્ર બાબત.**

ગુજરાત સરકાર

સામાન્ય વહીવટ વિભાગ

પરિપત્ર ક્રમાંક: GAD/PHA/e-file/1/2023/8017/G2 - Section

સચિવાલય, ગાંધીનગર.

તારીખ.

**વંચાણે લીધા:**

(૧) સા.વ.વિ.ના તા.૦૧/૧૨/૨૦૦૮ ના પરિપત્ર ક્રમાંક:પરચ/૧૦૨૦૦૮/૪૬૯૫૪૦/ગ.૨

(૨) ભારત સરકારના તા.૨૮/૧૨/૨૦૧૬નો The Rights of Persons with Disabilities Act, 2016

(૩) ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયના તા.૧૫/૦૬/૨૦૧૭ નોટીફિકેશનથી Rights of Persons with Disabilities Rules, 2017

(૪) મિનિસ્ટ્રી ઓફ પર્સોનલ, પબ્લીક ગ્રીવન્સ & પેન્શન, ડિ.ઓ.પી.ટી. ભારત સરકારનો તા.૧૫/૧/૨૦૧૮નો કાર્યાલય આદેશ ક્રમાંક:૩૬૦૩૫/૦૨/૨૦૧૭-ઈએસટીટી (આઇ એસ)

(૫) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તા.૦૪/૧૨/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક:હસપ / ૧૦૨૦૦૨/જી.ઓ.આઇ.૩૬/અ

(૬) સા.વ.વિ.ના તા.૧૭/૯/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક:સીઆરઆર/૧૦૨૦૧૭/૧૨૨૬૩૯/ગ-૨

**પરિપત્ર**

દિવ્યાંગ (સમાન તક, અધિકારોનુ રક્ષણ અને પૂર્ણ ભાગીદારી) ધારા-૧૯૯૫ની જોગવાઇ અનુસાર અગાઉ ૭ પ્રકારની દિવ્યાંગતા નિયત કરાયેલ હતી તેના આધારે ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના પરિપત્રથી ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ પર્સોનેલ એન્ડ ટ્રેનીંગના ઓફિસ મેમોરેન્ડમથી નિયત થયેલ દિવ્યાંગ પ્રમાણપત્રનો નમૂના અનુસાર રાજ્ય સરકારની સેવા માટે દિવ્યાંગતા અંગેનું પ્રમાણપત્ર નિયત કરવામાં આવેલ છે. The Rights of Persons with Disabilities Act, 2016માં ૨૧ પ્રકારની દિવ્યાંગતા નિયત કરવામાં આવેલ છે. ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૩) પરના ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયના નોટીફિકેશન અનુસાર તેમજ ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૪) પરના ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ પર્સોનેલ એન્ડ ટ્રેનીંગના ઓફિસ મેમોરેન્ડમના ફકરા-૫માં સીધી ભરતીમાં દિવ્યાંગ અનામતનો લાભ મેળવવા દિવ્યાંગતાના પ્રમાણપત્ર અંગે **"દિવ્યાંગ અનામતનો લાભ મેળવવા માંગતી દિવ્યાંગ વ્યક્તિએ સક્ષમ સત્તાધિકારી દ્વારા આપવામાં આવેલુ દિવ્યાંગતા પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર કોઇ જગ્યા માટે આવી વ્યક્તિની પસંદગી સમયે સક્ષમ સત્તાધિકારી દ્વારા નક્કી કરવામાં આવે તે પ્રમાણે ખરાઇ/પુનઃ ખરાઇને આધિન રહેશે."** તદ-અનુસાર રાજ્ય સરકાર દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક-(૬)ના ઠરાવના ફકરા-૪માં "દિવ્યાંગતાના પ્રમાણપત્ર" સંબંધે જોગવાઇ કરેલ છે. આથી, બદલાતા સંજોગોમાં સા.વ.વિ.ના તા.૦૧/૧૨/૨૦૦૮ના બદલે દિવ્યાંગતાના પ્રમાણપત્ર સંબંધે ભારત સરકારની વખતોવખતની સૂચના/જોગવાઇ તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર /સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત સરકાર દ્વારા નિયત કરવામાં આવતી સૂચના અનુસાર દિવ્યાંગતા અંગેનું પ્રમાણપત્ર સંબંધિત ભરતી એજન્સીએ માન્ય ગણવાનું રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(એમ.આર.શુક્લ)**

સેકશન અધિકારી

સામાન્ય વહીવટ વિભાગ,

ગુજરાત સરકાર

પ્રતિ,

માન.રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

સર્વે મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

Signature Not Verified
Signed by: M R Shukla
Section Officer
Date: 2024.02.29
18:08:56 +05:30



*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના અંગત સચિવશ્રી, ગાંધીનગર.

* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.

* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.

* સચિવશ્રી ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.

* સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.

* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.

* સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

* સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

* સચિવશ્રી, ગુજરાત રાજ્ય માહિતી આયોગ, ગાંધીનગર.

સચિવાલયના તમામ વિભાગો. (તેમના તાબાના ખાતાના વડાઓ/કચેરી/બોર્ડ/કોર્પોરેશન/ જાહેર સાહસો વિગેરેના વડાઓને યોગ્ય સુચના આપવાની વિનંતી સહ.)

સામાન્ય વહીવટ વિભાગની તમામ શાખાઓ/અધિકારીઓ

પસંદગી ફાઇલ

*પત્ર દ્વારા

Signature Not Verified
Signed by: M R Shukla
Section Officer
Date: 2024.02.29
18:08:56 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign